૧૦૦ નેનો મીટરથી ઓછાં વ્યાસ ધરાવતાં સાધનોનો વિકાસ અને નવીનીકરણ કરવા માટેની ટેક્નિક નેનો ટેકનોલોજીના અભ્યાસથી થઈ શકે છે. તેનો ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, એન્જિનિયરીંગ, રસાયણ વિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ વગેરે જેવાં વિષયોના અભ્યાસમાં ઉપયોગી કરી શકાય છે. D. N. A. નો ચાર્ટ બનાવવામાં, ચરબીમાં શ્રાવ્ય વિટામીન હોય તેવા બેવરેજીસ બનાવવા ડાઘરહિત હોવાથી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રિઝમાં, ઓટોમાઈલ્સ ક્ષેત્રે, અવકાશ સંશોધન ક્ષેત્રે અને ફોટો ગ્રાફિક ફિલ્મ વગેરે વિશેના અભ્યાસ માટે નેનો ટેકનોલોજીનો અભ્યાસ શ્રેષ્ઠ પુરવાર થઈ શકે છે.

નેનો ટેકનોલોજીનો અભ્યાસ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ખાસ કરીને ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોમાં કરી શકાય છે. જેનાથી M.Sc. અથવા M. Tech. ની ડિગ્રી મેળવી શકાય છે. આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ :

૧. ટકાઉ, મજબુત અને કિંમતમાં ઓછી વસ્તુ મેળવવા માટેની ટેક્નિકના વિકાસ માટે થાય છે. ૨. સોલર એનર્જી અને તેની શક્તિ વધારવાની ટેક્નિકના અભ્યાસ માટે થાય છે. ૩. જીનેટીક મેડિસીન ક્ષેત્રે અને ડ્રગ ડીલીવરી સીસ્ટમ ક્ષેત્રે તેનો અભ્યાસ કરવામાં આવે છે. ૪. પર્યાવરણ વિજ્ઞાન, વિકિરણ અને નેનો ટેકનોલોજીનો સંબંધ સમજવા તેનો અભ્યાસ કરવામાં આવે છે.

❒ **નીચેની સંસ્થાઓમાં ભારતમાં નેનો ટેકનોલોજીનો અભ્યાસ કરવાની સવલત મળે છે.**

૧. જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્ટિફિક રિસર્ચ, બેંગ્લોર. ૨. નેશનલ ફિઝિકલ લેબોરેટરી, દિલ્હી ૩. નેશનલ કેમિકલ લેબોરેટરી, પૂણે ૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લોર ૫. સોલિડ સ્ટેટ ફિઝિક્સ લેબોરેટરી, દિલ્હી ૬. સેન્ટ્રલ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટસ ઓર્ગેનાઈઝેશન, ચંદિગઢ ૭. નાઈપર, ચંદિગઢ ૮. ડિફેન્સ મટીરીયલ્સ સ્ટોર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, કાનપુર ૯. ઈન્ડિયન ઈન્સ્ટિ. ઓફ ટેકનોલોજી, કાનપુર, ચેન્નાઈ, ગુવાહાટી, દિલ્હી, મુંબઈ ૧૦. એમીટી ઈન્સ્ટિ. ઓફ નેનો ટેકનોલોજી, નોઈડા ૧૧. બનારસ હિન્દુ યુનિ. અને દિલ્હી યુનિ.માં નેનો ટેકનોલોજી ક્ષેત્રે રિસર્ચ કરી શકાય છે. ૧૨. ગુજરાત સરકારે નેનો ટેકનોલોજીનું મહત્વ સમજી ધો.-૧૦ વિજ્ઞાન પાઠ્ય પુસ્તકમાં તેનો પરિચય આપવા એક પ્રકરણ આપેલ છે.

❒ **નેનો ટેકનોલોજીના અભ્યાસ બાદ નોકરીની તકો :**

નીચેના ક્ષેત્રોમાં નેનો ટેકનોલોજીના અભ્યાસ બાદ નોકરી માટેની તકો ઉપલબ્ધ થાય છે.

૧. એગ્રિકલ્ચર ૨. પર્યાવરણ ક્ષેત્ર ૩. મેડિસિન ક્ષેત્ર ૪. ફૂડ એન્ડ બેવરેજીસ ૫. ફોરેન્સિક સાયન્સ ૬. સ્પેસ રિસર્ચ (અવકાશ સંશોધન) ૭. જીનેટિક્સ ૮. ટીચીંગ અથવા શિક્ષણક્ષેત્ર ૯. બાયો ટેકનોલોજી

ટૂંકમાં ભારતમાં નેનો ટેકનોલોજીના અભ્યાસથી નેનો મેડિસિનના બાયો ઈન્ફોર્મેટિક્સ, સ્ટેસ સેલ વિકાસ, ફાર્માસ્યુટિકલ કંપનીઝ, નેનો ટોક્સિકોલોજી, નેનો પાવર ટેકનોલોજી, નેનો પાવર જનરેટીંગ સેક્ટર, નેનો ટેકનોલોજીકલ ફેબ્રિકેશન વગેરે ક્ષેત્રે ખૂબ ઉજ્જવળ તકો રહેલી છે.

❒ **પરદેશમાં નેનો ટેકનોલોજીસ્ટ માટેની તકો :**

નેનો પોલીમર, નેનો મેડિસિન, એન્જિનિયર ક્ષેત્ર, નેનો પેકેજીંગ, નેનો ટુલ્સ, નેનો વાયર, નેનો ક્રિસ્ટલાઈન વસ્તુ બનાવટ ક્ષેત્રે, નેનો પોરસ મટીરીયલ બનાવવા, જેવાં ક્ષેત્રોમાં કાર્ય કરવા તેમજ રિસર્ચ કરવા માટેની તકો પ્રાપ્ય છે. સ્વીટ્ઝરલેન્ડ, કેમ્બ્રિજ અને મેસેસ્યુસેટસ તેમજ ASME- નેનો ટેકનોલોજી ઈન્સ્ટિ. ન્યુયોર્ક ખાતે જોબ માટેની ખૂબ ખૂબ તકો આ ક્ષેત્રે પ્રાપ્ય છે.

❒ **નેનો ટેકનોલોજીના અભ્યાસ અને જાણકારી માટે ઉપયોગી વેબસાઈટ :**

1. Nanotechnology Consumer Products Inventory (http://www.nanotechproject.org/index)
2. Nanoshop.com Nanotechnology Product Directory (http://www.nanoshop.com)
3. Textiles Nanotechnology Laboratory (http://people.comell.edu)

*પ્રતિભા જી. રાઠોડ, માહિતી અધિકારી,*
***વ્યવસાય માર્ગદર્શન સંસ્થા,***
***સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના મકાનમાં,***
***ખમાસા રોડ, રાયખડ, અમદાવાદ.***

નોંધ : **ઉમેદવારોને માહિતી અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી લેખ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તજજ્ઞ લેખકે આ બાબતે સંપૂર્ણ ચોકસાઈ રાખીને માહિતીનું પ્રદાન કર્યું છે. તેમ છતાં તેમાં કોઈ હકીકત દોષ અથવા અપૂરતી માહિતી જણાય તો સંબંધકર્તા સંસ્થા અથવા લેખકનો સંપર્ક સાધવા વિનંતી છે.**

**INDO GERMAN TOOL ROOM, AHMEDABAD**

**(A Govt. of India Society under Ministry of MSME)**

**Last date for receipt of an application 4-9-2007**

The tool room is looking for dynamic and result oriented Engineers in the respective fields and invite applications for filling up the following positions on contract basis.

| S. N. | Name of the post | Pay Scale (Rs.) | Category & Nos. of post |
|---|---|---|---|
| 1. | Sr. Manager – Production | Rs. 12000-375-16500 | 1 UR |
| 2. | Sr. Engineer – Design & QC | Rs. 8000-275-13500 | 1 UR |
| 3. | Sr. Engineer – Maintenance | Rs. 8000-275-13500 | 1 UR |
| 4. | Engineer – Production | Rs. 5500-175-9000 | 3 UR |
| 5. | Engineer – Training | Rs. 5500-175-9000 | 1 OBC, 2 UR |
| 6. | Engineer - Design & QC | Rs. 5500-175-9000 | 1 reserved for HH |
| 7. | Engineer – Consultancy & Marketing | Rs. 5500-175-9000 | 1 UR |

**Age :** (As on 1-8-2007) **Maximum age :** for Post No. 1 - 45 yrs., Post No. 2, 3 - 35 yrs. and Post No. 4 to 7 - 30 yrs.

**Age limit :** Relaxble upto 5 yrs. for SC/ST/Internal candidates and 3 yrs. for OBC candidates.

**HH :** Persons with hearing impaired, **UR :** Unreserved, **OBC :** Other Backward Class

For further detail information regarding qualification & experience etc. refer website : **www.igtrahd.com** (career section) or e-mail : **gm@igtrahd.com** or contact :**Mr. Sunil Uniyal at 94273 13981**

## પશ્ચિમ રેલવે : અમદાવાદ મંડળ

**રોજગાર નોટિસ નં. એડીએસએ/૨૦૦૭/૦૮/૧**

**રમતવીરો પાસેથી ગ્રુપ-ડી ની સ્કેલ રૂા. ૨૫૫૦-૩૨૦૦ (આરએસઆરપી)ની જગાઓ પર ભરતી માટે રેલવે બોર્ડે બનાવેલ રમતવીરોની ભરતીના ધારાધોરણો મુજબ અરજીઓ મગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૭-૯-૨૦૦૭**

❐ ગ્રુપ-ડીમાં કુલ જગાઓ-૨(બે) રમતવીરોની ભરતી માટે પસંદગી નીચેનામાંથી કરવામાં આવનાર છે.

◆ ક્રિકેટ (પુરૂષ) ૦૨ જગા (૦૧ ઓપનીંગ બેટસમેન અને ૦૧ પેસ બોલર)

❐ **લાયકાત : શૈક્ષણિક લાયકાત :**

ઓછામાં ઓછું ૮મું ધોરણ પાસ

**ગ્રુપ 'ડી' ભરતી માટે લઘુત્તમ ધોરણો :**

◆ રાજ્યનું કે સમાન પ્રતિનિધિત્વ કર્યું હોય જુનિયર/સિનિયર રાષ્ટ્રિય ચેમ્પિયનશીપમાં સિવાય કે મેરેથોન અને અખિલ ભારતીય **અથવા** જુનિયર/સિનિયર રાજ્ય ચેમ્પિયનશીપમાં જિલ્લા કે સમાન સ્તરનું પ્રતિનિધિત્વ કર્યું હોય અને ઓછામાં ઓછો ત્રીજો ક્રમ મેળવ્યો હોય. આમાં માત્ર સિનિયર રાષ્ટ્રિય અને જુનિયર રાષ્ટ્રિય ચેમ્પિયનશીપ ધ્યાનમાં લેવાશે. નેશનલ ગેમ્સ, રૂરલ મીટ્સ, ફેસ્ટિવલ મીટ્સ અને બીજી સમાન સ્પર્ધાઓ ધ્યાનમાં લેવાશે નહિ **અથવા** સિનિયર કક્ષાએ રણજી ટ્રોફી ઈલાઈટ/પ્લેટ ચેમ્પિયનશીપમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હોય અથવા સિનિયર કક્ષાએ ઈન્ટરસ્ટેટ લિમિટેડ ઓવર્સ ટુર્નામેન્ટ (વન-ડે રણજી ટ્રોફી ચેમ્પિયનશીપ તરીકે વધારે જાણીતી) **અથવા** સિનિયર કક્ષાએ (અખિલ ભારત ઝોનલ ચેમ્પિયનશીપ) દુલિપ ટ્રોફીમાં ઝોન તરફથી રમ્યા હોય **અથવા** સિનિયર કક્ષાએ દેવધર ટ્રોફી (વન-ડે લિમિટેડ ઓવર્સ ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ ચેમ્પિયનશીપ) **અથવા** સી. કે. નાયડુ ટ્રોફી (ઈન્ટર સ્ટેટ ચેમ્પિયનશીપ જુનિયર અન્ડર-૨૨) **અથવા** કુચબિહાર ટ્રોફી (ઈન્ટર સ્ટેટ ચેમ્પિયનશીપ જુનિયર અન્ડર-૧૯) ઈલાઈટ/પ્લેટ ગ્રુપ ચેમ્પિયનશીપ **અથવા** વિનુ માંકડ ટ્રોફી (વન-ડે લિમિટેડ ઓવર્સ ઈન્ટર સ્ટેટ ચેમ્પિયનશીપ જુનિયર અન્ડર-૧૯) **અથવા** વિજય હજારે ટ્રોફી (વન-ડે લિમિટેડ ઓવર્સ ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ ચેમ્પિયનશીપ જુનિયર અન્ડર-૧૯)

◆ ઉમેદવારે જેમણે ચેમ્પિયનશીપમાં વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૫-૦૬માં કે ચાલુ વર્ષે ભાગ લીધો હોય તેઓ આ જગાઓ માટે અરજી કરવા યોગ્ય ગણાશે. (રમતવીરો જેમણે તા. ૧-૪-૨૦૦૫ પછી ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હોય અને સક્રિય હોય તેઓ રમતવીરોના ક્વોટામાં નિમણૂક માટે યોગ્ય ગણાશે) આ હેતુ માટે, ચેમ્પિયનશીપના અંતિમ દિવસો ધ્યાનમાં લેવામાં આવશે.

◆ **વયમર્યાદા :** તા. ૧-૧-૨૦૦૮ના રોજ ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૨૫ વર્ષ.

◆ **અરજી ફી :** સામાન્ય ઉમેદવારોએ અરજી સાથે **રૂા. ૪૦/-** નો પોસ્ટલ ઓર્ડર બીડવાનો રહેશે અને અનુ.જાતિ/જનજાતિ વર્ગના ઉમેદવારો **રૂા. ૧૦/-** નો પોસ્ટલ ઓર્ડર મોકલવો. ક્રોસ કરેલો પે-ઓર્ડર **"અમદાવાદ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિયેશન"** ના નામનો લખવો જે પરત થવા પાત્ર રહેશે નહિ.

◆ **પસંદગી :** જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, રમતની સિદ્ધિઓના અલગ દસ્તાવેજ ઈન્ટરવ્યૂ અને કસોટીના દિવસે સાથે લાવવા વિનંતી. તે સિવાય તમને પસંદગી પ્રક્રિયામાં દાખલ થવા દેવાશે નહિ. પસંદગી કસોટી/ઈન્ટરવ્યૂમાં હાજર થવા માટે કોઈ ટીએ/ડીએ/રહેઠાણ આપવામાં આવશે નહિ. તમારે પોતાનું કીટ અને બે એટેસ્ટેડ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવા પડશે. પસંદગી દરમ્યાન તમારે ૨-૩ દિવસ રોકાવું પડે તો તે માટે પોતાની વ્યવસ્થા કરવી પડશે. રેલવે તંત્ર યોગ્ય લાગતી કોઈપણ તારીખ નક્કી કરવાનો,સ્થળ બદલવાનો અથવા કસોટી/ઈન્ટરવ્યૂ મુલત્વી રાખવાનો (તેની સગવડ પ્રમાણે) અધિકાર ધરાવે છે. જે નહિ ધારેલા કારણોસર રદ પણ થઈ શકે. તેને માટે કોઈ કલેમ સ્વીકારાશે નહિ. બધા દસ્તાવેજો યોગ્ય રીતે પ્રમાણિત હોવા જોઈએ. પસંદ થયેલા ઉમેદવારોને અમદાવાદ ડિવિઝનમાં કોઈપણ જગાએ મૂકી શકાશે.

◆ ઉપરોક્ત જરૂરિયાતો પૂર્ણ કરતા ઉમેદવારો નીચે આપેલા ફોર્મમાં પૂરે પૂરી ભરેલી અરજી મોડામાં મોડી **તા. ૭-૯-૨૦૦૭** ના ૧૭-૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે રજૂ કરે, તે પછી કોઈ અરજી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.રેલવે ટપાલની ઢીલ માટે જવાબદાર રહેશે નહિ.

◆ અરજીપત્ર અને અરજદારના અન્ય દસ્તાવેજોમાં કોઈપણ ભૂલ જણાશે તો અરજી રદ ગણાશે.

◆ **માનદ્ મંત્રી અને સિનિયર ડીએમઈ (ડીએલ)/ એસબીઆઈ, અમદાવાદ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિયેશન, ડિઝલ શેડ, સાબરમતી, અમદાવાદ, પીન-૩૮૦ ૦૧૯.**

◆ અરજી નીચેના દસ્તાવેજો સાથે રજૂ કરવાની રહેશે. જેના વિના અરજી તાત્કાલિક રીતે રદ કરવામાં આવશે.

◆ જન્મના પ્રમાણપત્રની નકલ અથવા જન્મના પુરાવા તરીકે કેન્દ્ર/રાજ્ય સરકારના ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત હાઈસ્કૂલ/ડિગ્રી સર્ટિફિકેટ.

◆ શૈક્ષણિક લાયકાતના કેન્દ્ર/રાજ્ય સરકારના ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત સર્ટિફિકેટ નકલ.

◆ રમતગમતના ક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિઓનું કેન્દ્ર/રાજ્ય સરકારના ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત સર્ટિફિકેટ.

**ગ્રુપ 'ડી' રમતવીર ક્વોટા ૨૦૦૭-૦૮ માં ભરતી માટે અરજીપત્ર**
**પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ**

પ્રતિ,
માનદ્ મંત્રી,
અમદાવાદ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિયેશન,
એન્ડ સિનિ. ડીએમઈ (ડીએલ)/એસબીઆઈ,
ડિઝલ શેડ, સાબરમતી, અમદાવાદ-૧૯.

(અહીં કેન્દ્ર/રાજ્ય સરકારના ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત તાજો પાસપોર્ટ સાઈઝ ફોટો લગાવવો)

હું પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના ગ્રુપ 'ડી' રમતવીર ક્વોટા-૨૦૦૭-૦૮માં જગા મેળવવા અરજી કરૂં છું.

**મારી વિગતો નીચે પ્રમાણે છે :**

૧. પૂરું નામ : ..................
૨. પિતાનું નામ : ..................
૩. ટપાલનું સરનામું : ..................
૪. ટેલિફોન/મોબાઈલ નં. (જો હોય તો) : ..................
૫. જન્મ તારીખ : ..................
૬. ઉંમર : (૧-૧-૦૮ના રોજ) ......... વર્ષ ......... માસ .....
૭. નાગરિકત્વ : ..................
૮. જાતિ (એસસી/એસટી/ઓબીસી/જનરલ) : ..................
૯. શૈક્ષણિક લાયકાત : માર્કશીટ સાથે : ..................
૧૦. રમત/રમતનું ક્ષેત્ર : ..................
૧૧. રમતગમતની સિદ્ધિઓ સંક્ષેપમાં પ્રમાણિત સર્ટિફિકેટની નકલો સાથે : ..................
૧૨. સૌથી પાસેનું રેલવે સ્ટેશન : ..................

અરજી સાથે જોડેલ પોસ્ટલ ઓર્ડરની વિગતો નીચે પ્રમાણે છે.
પોસ્ટ ઓફિસનું નામ : ..................
આઈપીઓ નં. : ..................
તારીખ : ..................
રકમ રૂા. ..................

હું આથી જાહેર કરૂં છું કે મારી ઉપરોક્ત અરજીમાં જણાવેલી વિગતો સત્ય અને બરાબર છે.જો કશું પણ ખોટું કે અસત્ય જણાય તો મારી અરજી રદ થવાને લાયક ગણાશે અને મારી પસંદગી થઈ ગઈ હોય તો, મારી નોકરી સમાપ્ત થવા પાત્ર રહેશે.

ઉમેદવારની સહી ..................
ઉમેદવારનું નામ ..................
તારીખ ..................

**બિડાણ :** દસ્તાવેજોની યાદી

૧) .................. ૨) ..................
૩) .................. ૪) ..................
૫) .................. ૬) ..................

●

## મધ્ય રેલવે
## રમતવીરોની ભરતી

**મધ્ય રેલવે નીચેના ગ્રેડ્સમાં એથલેટિક્સ, બોક્સિંગ, ક્રિકેટ, સાયકલિંગ, ફૂટબોલ, હોકી, ખો-ખો, કબડ્ડી, ટેનિસ, વૉલિબોલ તથા કુસ્તીના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોની સિદ્ધિઓ જેમણે સાબિત કરી હોય તેવા રમતવીરોની ભરતી કરવા માંગે છે.**

❐ **ગ્રુપ-સી :** ૧૨ (બાર) જગાઓ,
**લઘુત્તમ લાયકાત :** ૧૦મું પાસ ૧૦+૨ સિસ્ટમ હેઠળ

❐ **ગ્રુપ-ડી :** ૧૧ (અગિયાર) જગાઓ.
**લઘુત્તમ લાયકાત :** ૮મું પાસ.

❐ **વયમર્યાદા :** ગ્રુપ 'સી' અને 'ડી' બંને જગાઓ માટેની તમામ રમતો માટે તા. ૧-૮-૨૦૦૭ના રોજ લઘુત્તમ ૧૮ વર્ષ તથા મહત્તમ ૨૫ વર્ષ.

❐ અરજીપત્રક પ્રાપ્તિની છેલ્લી તારીખ/સમય **૭-૯-૨૦૦૭, ૧૮-૦૦ કલાક** સુધી છે.

❐ વધુ માહિતી માટે **તા. ૧૮-૮-૨૦૦૭ના એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ**માં સંપૂર્ણ જાહેરખબર જોવા વિનંતી. ●

## " ટેન્ડર ન્યૂઝ "

❍ **કાર્યપાલક ઇજનેર, પાટનગર યોજના વિભાગ નં.-૪, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, બીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૫૯૧૯૭**

➢ ગાંધીનગર ખાતે સેક્ટર-૧૫માં આવેલ સરકારી વિજ્ઞાન કોલેજ માટે નવી પ્રયોગશાળા અને કોમ્યુનિટિ હોલનું બાંધકામ

❋ અંદાજિત રકમ રૂા. ૩૧૩.૫૭ લાખ

➢ ટેન્ડર ઓનલાઈન ભરવા. ટેન્ડરની વધુ માહિતી વેબસાઈટ : www.rnb.nprocure.com ઉપર તા. ૩૦-૮-૦૭ સુધી જોવા મળશે.

❍ **કાર્યપાલક ઇજનેર, મા. મ. વિભાગ નં.-૧, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત. ફોન નં. ૦૨૬૧-૨૪૬૪૧૬૨**

➢ કન્સ્ટ્રકશન ઓફ સીટી મામલતદાર ઓફિસ, સુરત

❋ અંદાજિત રકમ રૂા. ૧૨૦ લાખ

➢ ટેન્ડર વેબસાઈટ : www.rnb.nprocure.com ઉપર તા. ૨૯-૮-૦૭ સુધી જોવા મળશે.

❍ **કાર્યપાલક ઇજનેર, સુજલામ સુફલામ વિભાગ-૧, બ્લોક નં. ૬/૭૯/૫, 'ઘ' ટાઈપ, સેક્ટર નં. ૮, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૪૪૪૭૮**

➢ (મોઢેરા) સમલાયાપુરા થી મોઢેરા પંપીંગ સ્ટેશન સુધી WBM રોડ બાંધવાનું કામ.

❋ અંદાજિત રકમ રૂા. ૧૪,૩૦,૨૩૭

➢ કોરા ભાવપત્રને આપવાની છેલ્લી તા. ૩-૯-૦૭ અને ભરેલ ભાવપત્રકો પરત આપવાની છેલ્લી તા. ૧૧-૯-૦૭ છે. ટેન્ડરની વધુ માહિતી વેબસાઈટ : https://www.gwrdc.gujarat.gov.in તથા http://www.statetenders.com પરથી જોવા મળશે.

❍ **કાર્યપાલક ઇજનેર, પાટનગર યોજના વિભાગ નં. ૩, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૨**

➢ સેઝ (SEZ) GIDC, ગાંધીનગરને નેશનલ હાઈવે નં. ૮/ક ને જોડતા રસ્તાનું કામ.

❋ અંદાજિત રકમ રૂા. ૯૨૦.૩૩ લાખ

➢ ઓનલાઈન ટેન્ડર વેબસાઈટ : www.rnb.nprocure.com ઉપર તા. ૫-૯-૦૭ સુધી જોઈ શકાશે અને ભરી શકાશે.

❍ **કાર્યપાલક ઇજનેર, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૧/૩, નર્મદા વસાહત, રેસ્ટ હાઉસ બિલ્ડીંગ, નાની કડી રોડ, કડી-૩૮૨૭૧૫ ફોન નં. ૦૨૭૬૪-૨૬૨૬૨૩, ૨૪૨૨૦૭**

➢ કન્સ્ટ્રકટીંગ કેનાલ અર્થવર્ક, ટ્રાન્ઝીશન વોલ એન્ડ લાઈનીંગ ઓન SBC ચેનેજ ૧૦૨.૬૪૯ કિ.મી. (પંપીંગ સ્ટેશન નં. ૫ ની નજીકમાં)

❋ અંદાજિત રકમ રૂા. ૮૮.૭૬ લાખ

➢ ટેન્ડર અપલોડીંગ અને ડાઉનલોડીંગ કરવાની છેલ્લી તા. ૨૯-૮-૦૭ છે. વધુ વિગતો વેબસાઈટ : www.ssnnl.nprocure.com અને www.sardarsarovar.dam.org અને www.statetenders.com ઉપર જોવા મળશે.

❍ **કાર્યપાલક ઇજનેર, પાટનગર યોજના વિભાગ નં. ૩, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૨**

➢ કલોલ મુકામે મામલતદાર કચેરીના નવીન મકાન બાંધકામનું કામ.

❋ અંદાજિત રકમ રૂા. ૧૧૭ લાખ

➢ માણસા મુકામે મામલતદાર કચેરીના નવીન મકાન બાંધકામનું કામ.

❋ અંદાજિત રકમ રૂા. ૧૧૨.૫૧ લાખ

➢ ઓનલાઈન ટેન્ડર www.rnb.nprocure.com ઉપરથી તા. ૩૧-૮-૦૭ સુધી ભરી શકાશે અને જોવા મળી શકાશે.

❍ **કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના વિભાગ નં. ૩, બી-બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૯૧૬૪**

➢ ગાંધીનગર શહેરની પાણી પુરવઠા તથા ગટર યોજનાની કામગીરી માટે સિક્યૂરીટી ગાર્ડ, બોર ઓપરેટીંગ સ્ટાફ તથા ફાયટર પંપ ઓપરેટર અને અન્ય સ્ટાફ પુરો પાડવાના ત્રણ કામો.

❋ અંદાજિત રકમ અનુક્રમે રૂા. ૯,૯૭,૬૦૦, રૂા. ૯,૧૧,૦૭૫ અને રૂા. ૫,૦૫,૧૭૫

➢ કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૬-૯-૨૦૦૭ અને ભરેલા પરત લેવાની છેલ્લી તા. ૧૩-૯-૨૦૦૭ છે. વધુ માહિતી વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

❍ **કાર્યપાલક ઇજનેર, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, આણંદ. ફોન નં. ૦૨૬૯૨-૨૫૧૫૯૭**

➢ SROWR ના બોર્ડ-XIII હેઠળના રસ્તાઓના કુલ ૧ થી ૨૪ કામો

❋ અંદાજિત રકમ રૂા. ૧૦ થી રૂા. ૭૨ લાખ સુધી

➢ ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૫-૯-૨૦૦૭ છે. વધુ માહિતી વેબસાઈટ https://gsrrda.nprocure.com, www.statetenders.com તથા www.nprocure.com ઉપર જોવા મળશે.

## ભારતીય હવાઈ દળ

# ગ્રુપ 'X' (ટેક્નિકલ) અને ગ્રુપ 'Y' ટ્રેડસમાં એરમેનની ભરતી માટે જામનગર ખાતે ભરતી મેળો

❑ **ભરતી મેળાની તારીખ : ૯-૯-૨૦૦૭ થી તા. ૧૫-૯-૨૦૦૭**

❑ **ભરતી મેળાનું સ્થળ :** એરફોર્સ સ્ટેશન, જામનગર

❑ **શૈક્ષણિક લાયકાત :**

❃ **ગ્રુપ 'X' (ટેક્નિકલ) ટ્રેડસ :** ઈન્ટર મિડિયેટ/૧૦+૨/સમકક્ષ પરીક્ષા ગણિત અને ભૌતિકશાસ્ત્ર વિષય સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા એકંદર ગુણ સાથે **અથવા** માન્ય સંસ્થામાંથી ત્રણ વર્ષનો એન્જિનિયરીંગ ડિપ્લોમા (મિકેનિકલ/ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ/ ઓટોમોબાઈલ/કોમ્પ્યુટર સાયન્સ/ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનોલોજી)

❃ **ગ્રુપ 'Y' ટ્રેડસ :** ઈન્ટરમિડિયેટ/૧૦+૨/સમકક્ષ પરીક્ષા સાયન્સ, આર્ટસ અથવા કોમર્સના વિષય સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા એકંદર ગુણ સાથે.

❑ **ભરતીનો કાર્યક્રમ :**

❃ **ગ્રુપ 'X' (ટેક્નિકલ) ટ્રેડ માટે :**
**તા. ૧૩-૯-૨૦૦૭ :** લેખિત પરીક્ષા અને શારીરિક સુસજ્જતા કસોટી.
**તા. ૧૪-૯-૨૦૦૭ :** ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ.
ગુજરાતના તમામ જિલ્લા તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે.

❃ **ગ્રુપ 'Y' માટે :**
**તા. ૯-૯-૨૦૦૭ :** લેખિત પરીક્ષા અને શારીરિક સુસજ્જતા કસોટી.
**તા. ૧૦-૯-૨૦૦૭ :** ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ.
બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, નવસારી, નર્મદા, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ જિલ્લાના તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશો દમણ, દીવ અને દાદરા નગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે.
**તા. ૧૧-૯-૨૦૦૭ :** લેખિત પરીક્ષા અને શારીરિક સુસજ્જતા કસોટી.
**તા. ૧૨-૯-૨૦૦૭ :** ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ.
અમદાવાદ, અમરેલી, આણંદ, જામનગર, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, પંચમહાલ, પાટણ, પોરબંદર જિલ્લાના ઉમેદવારો માટે.

❑ **વયમર્યાદા :** બંને ટ્રેડ માટે ઉમેદવાર તા. ૧-૭-૧૯૮૬ અને તા. ૩૦-૯-૧૯૯૦ વચ્ચે જન્મેલા હોવા જોઈએ (બંને દિવસો સહિત)

❑ **લેખિત પરીક્ષા : ગ્રુપ 'X' માટે :** અંગ્રેજી, ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયોને લગતી લેખિત પરીક્ષા.
**ગ્રુપ 'Y' માટે :** અંગ્રેજી, રીઝનીંગ અને જનરલ અવેરનેસ સંબંધી લેખિત પરીક્ષા યોજાશે.

❑ **શારીરિક સુસજ્જતા કસોટી (PFT) :** PFTમાં પાસ થવું દરેક ઉમેદવાર માટે જરૂરી છે. PFTમાં ૮ મિનિટમાં ૧.૬ કિ.મી.ની દોડ યોજાશે. આ દોડ ૭.૩૦ મિનિટમાં પૂર્ણ કરનાર ઉમેદવારને વધારાના ગુણ આપવામાં આવશે. PFT માટે ઉમેદવારોએ પોતાના પી.ટી. શૂઝ, શોર્ટ સાથે લાવવાના રહેશે.

❑ **ઈન્ટરવ્યૂ/તબીબી પરીક્ષા :** લેખિત પરીક્ષા અને PFT પાસ કરનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યૂમાં સફળ થનાર ઉમેદવારોનું એરફોર્સના નિયત તબીબી ધોરણો અનુસાર આર.એમ.ટી. દ્વારા તબીબી પરીક્ષણ કરવામાં આવશે. તબીબી પરીક્ષણમાં સફળ પૂરવાર થનાર ઉમેદવારની જ અંતિમ પસંદગી માટે વિચારણા કરવામાં આવશે.

❃ બંને ટ્રેડ માટેની ભરતીમાં ગુજરાતના બધા જિલ્લાના તથા કેન્દ્ર શાસિત પ્રદેશ, દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારના ઉમેદવારો ભાગ લઈ શકે છે.

❃ હાલમાં સેવારત લશ્કરી જવાન અને કેન્દ્રિય અર્ધ લશ્કરી દળોમાં સેવા આપતા જવાનોના પુત્ર પણ ભરતી મેળામાં ભાગ લઈ શકે છે. તે માટે ઉમેદવારના માતા-પિતા ગુજરાતમાં તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ, દીવ દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલ કોઈપણ યુનિટમાં ફરજ બજાવતા હોવા જોઈએ અને આ અંગે CO/ વિભાગના વડા દ્વારા અપાયેલ આધાર રજૂ કરવાનો રહેશે.

❃ કોઈપણ કારણોસર અગાઉ એરફોર્સમાંથી છૂટા કરાયેલા ઉમેદવાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે નહીં.

❑ **ભરતી મેળામાં ઉપસ્થિત થતી વેળાએ ઉમેદવારોએ નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સાથે લાવવા.**

❃ ત્રણ માસથી જૂનાં ન હોય તેવા તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના **સાત કલર ફોટોગ્રાફસ.** ફોટા આગળની બાજુ દેખાય તેમ અને ટોપી પહેર્યા વિનાના હોવા જોઈએ.

❃ ૨૪×૧૦ સે.મી. સાઈઝના સ્વયંના સરનામા લખેલ ટપાલ ટિકિટ વિનાના બે પરબીડિયા.

❃ મેટ્રિક્યુલેશન પાસ કર્યા અંગેનું બોર્ડનું પ્રમાણપત્ર અસલમાં અને ત્રણ ઝેરોક્ષ.

❃ ઈન્ટર મિડિયેટ/ડિપ્લોમા માર્કશીટની અસલ નકલ અને બોર્ડનું અસલ પ્રમાણપત્ર તેમજ દરેકની ત્રણ ઝેરોક્ષ.

❃ એન.સી.સી. પ્રમાણપત્ર જો હોય તો અસલ પ્રમાણપત્ર અને તેની ત્રણ ઝેરોક્ષ.

❃ રહેવાસ અંગેનું ડીએમ/એડીએમ/એક્ઝિ. મેજીસ્ટ્રેટ અથવા ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સક્ષમ અધિકારી દ્વારા અપાયેલું ડોમીસાઈલ પ્રમાણપત્ર.

❃ જે ઉમેદવારો ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા હોય તેમણે તેમના માતા-પિતા/વાલી દ્વારા સહી કરી આપેલ સંમતિ પ્રમાણપત્ર. તેનો નમૂનો નીચે જણાવેલ છે.

❃ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે ભરતી મેળામાં ઉપસ્થિત થતા પૂર્વે તેઓના કાનમાંથી મેલ દૂર કરાવી દે તેમજ દાંત ચોખ્ખા કરાવી લે. જે ઉમેદવારો નિયમિત ચશ્મા પહેરતા હોય તેમણે આંખના નિષ્ણાત તબીબ પાસેથી મેળવેલ લેટેસ્ટ પ્રિસ્ક્રિપ્શન રજૂ કરવું.

❃ **ભરતી મેળા સંબંધી વધુ જાણકારી માટે રાજ્યમાં આવેલી જિલ્લા રોજગાર કચેરીઓ અથવા કમાન્ડિંગ ઓફિસર, ૬, એરમેન સિલેકશન સેન્ટર, કોટનગ્રીન, મુંબઈ-૪૦૦ ૦૩૩નો ફોન નં. ૦૨૨-૨૩૭૧૪૯૮૨ (એક્ષ્ટેન્શન નંબર-૨૫૧) ઉપર સંપર્ક કરવો.**

**વીંગ કમાન્ડર, કમાન્ડીંગ ઓફિસર**

**CONSENT FORM**

**(Applicable in respect of candidates both above and below 18 years of age)**
**(To be produced before Physical Fitness Test)**

I.......................................................... son/father/guardian of ....................... whose date of birth is ......................... do hereby give my consent for my self/son/ward to appear in the physical/ medical tests, as per prescribed for selection in the Indian Air Force, at my/his own risk. I am aware that no compensation in any form shall be claimed in respect of injuries if any, sustained by my self/son/ward, during such test.

Signature.........................................................................
Name of Candidate/Parent/Guardian......................
Relationship with the candidate...............................
Date : .................................

*(અનુસંધાન પાન ૮ ઉપરનું ચાલુ)....*

**(જા.ક્ર. : ૧૨૭ થી ૧૩૧ માટે),** -કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. આ સિવાય અન્ય શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને છૂટછાટ મળવાપાત્ર નથી. **(D)** માજી સૈનિકો/ અધિકારીઓને લશ્કરમાં બજાવેલ સેવાના સમય ઉપરાંત ત્રણ વર્ષની છૂટછાટ, તેઓ નિયમોનુસાર જરૂરિયાત સંતોષતા હશે તો મળવાપાત્ર થશે **(સિવાય જા.ક્ર. : ૧૧૯ થી ૧૨૨), (E)** ગુજરાત સરકારના કર્મચારીઓને નિયમાનુસાર છૂટછાટ મળશે. **(F)** વિશિષ્ટ રીતે સારી લાયકાત અને/અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોની બાબતમાં આયોગ સ્વવિવેકાનુસાર છૂટછાટ મૂકી શકશે.**(સિવાય જા.ક્ર. : ૧૧૮)**

❑ **અગત્યની જોગવાઈ : (A)** તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ.માન્ય છે, તેવું યુનિ. અથવા કોલેજના સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર અરજી સાથે ઉમેદવારે રજુ કરવાનું રહેશે. **(B)** (૧) ઉપરની જગ્યાઓ પર નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જ્યાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોની રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીના આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે''. **(C)** અધુરી, ઓછી ફીવાળી, નિયત અરજીફોર્મમાં ન હોય તેવી, ઝેરોક્ષ અરજીપત્રક કે છેલ્લી તારીખ બાદ મળેલ અરજીફોર્મ તેમજ પાછળથી મોકલેલ પ્રમાણપત્ર અમાન્ય ગણાશે. **(D)** અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. **(E)** ઉપરોક્ત જગ્યાઓ માટે ખાનગી વ્યવસાય ભથ્થું મળવાપાત્ર થશે નહિ અને ખાનગી વ્યવસાય કરવાની છૂટ રહેશે. **(ફક્ત જા.ક્ર. : ૧૨૨ થી ૧૩૧ માટે).**

❑ **સુધારો**

**આયોગ દ્વારા તા.૧૮-૭-૦૭ના રોજ વિવિધ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ જા.ક્રમાંક : ૧૪ થી ૧૧૭ પૈકી જા.ક્રમાંક: ૪૪ થી ૬૬ અને ખાસ જા.ક્રમાંક : ૧૧૭ નું પગાર ધોરણ રૂા.૧૨૦૦૦-૧૮૦૦૦ ના સ્થાને રૂા. ૧૨૦૦૦-૧૮૩૦૦ તેમજ જા. ક્રમાંક : ૬૭ થી ૮૫ નું પગાર ધોરણ રૂા.૧૪૩૦૦-૨૨૪૦૦ ને બદલે રૂા. ૧૬૪૦૦-૨૨૪૦૦ વાંચવું.**

**નોંધઃ-** ***ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતા પહેલાં, ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ અને એક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સિસ (ડીઓઈએસીસી)સોસાયટીની કોર્સ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટની સમકક્ષ અથવા તે કક્ષાની રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી કોમ્પ્યુટરની લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.***

## NATIONAL INSTITUTE OF OCCUPATIONAL HEALTH : AHMEDABAD

Applications are invited on or before **2-9-2007** for the following posts at National Institute of Occupational Health, Meghaninagar, Ahmedabad - 380016.

❑ **Technical Assistant (Two Posts) :** (Un-reserved)

**Scale of Pay :** Rs. 5000-150-8000

**Qualifications & Experience:** B.Sc. with 5 years experience or Diploma in Medical Technology with 7 years experience as Technician. **Description of duties :** To perform the routine duties in the Laboratories. **Age Limit :** Below 28 years

Relaxable up to 5 years in respect of SC / ST and 3 years in respect of OBC as per rules.

❑ **Stenographer (English) (One Post) :** (Reserved for ST Category)

**Scale of Pay :** Rs. 4000-100-6000.

**Qualification & Experience :** Minimum Matriculation or equivalent **Desirable :** Graduate **Essential :** Minimum speed of 80 w.p.m. in shorthand and 40 w.p.m. in typewriting.

**Description of duties :** To take the dictation and do the typing work. **Age Limit :** Below 25 years

Relaxable up to 5 years in respect of SC / ST and 3 years in respect of OBC as per rules.

Application may be submitted duly completed in all respect along with copies of certificates and testimonials to the **Officer-In-Charge , National Institute of Occupational Health, Meghani Nagar, Ahmedabad - 380 016** within stipulated period.

The Form of Caste Certificate as prescribed in the rule for appointment to post under Govt, of India is required to be produced by ST Candidates in support of their claim.

Incomplete / late applications will not be entertained. Any canvassing by or on behalf of the candidates or to bring political or other outside influence with regard to selection / recruitment shall be disqualification.

***Note :*** Since, it is not possible to call all the eligible candidates for the interview/personal discussion, the applications will be short-listed for this purpose. The decision of the Officer-in-charge of the Institute will be the final in this regard. These posts are with all India transfer liability under the Council/ Institute.

**Officer-in-Charge**

# ગુજરાત જાહેર સેવા આયોગ : અમદાવાદ

**ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ દ્વારા નીચે દર્શાવેલ જગાઓ માટે અરજી ફોર્મ છેલ્લી તારીખ : ૨૧-૦૯-૨૦૦૭ સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.**

| જાહેરાત ક્રમાંક | જગાનું નામ | કુલ જગા | કક્ષાવાર જગાઓ | | | | કક્ષાવાર જગાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વ. | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વ. |
| [૧૧૮] | ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ (વહીવટી શાખા) | ૧૦ | ૦૫ | ૦૨ | ૦૩ | - | ૦૧ | - | ૦૧ | - |
| [૧૧૯] | સીનીયર સ્થપતિ, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - |
| [૧૨૦] | નિયામક, સંગ્રહાલય અને ચિત્રદિર્ઘા, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - |
| [૧૨૧] | નાયબ બાગાયત નિયામક,વર્ગ-૧ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - |
| [૧૨૨] | મદદનીશ બાગાયત નિયામક, વર્ગ-૨ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | ૦૧ |
| [૧૨૩] | ડેન્ટલ મટીરિયલ્સના ટ્યુટર, વર્ગ-૨ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - |
| [૧૨૪] | ઓરલ ડાયોગ્નોસીસ અને રેડીયોલોજીના ટ્યુટર, વર્ગ-૨ | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | - |
| [૧૨૫] | કાર્ડીયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧ | ૦૩ | ૦૩ | - | - | - | ૦૧ | - | - | - |
| [૧૨૬] | ઓર્થોડોન્શીયાના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - |
| [૧૨૭] | ગુજ.આરોગ્ય સેવા,(તજજ્ઞ સેવા), વર્ગ-૧, એનેસ્થેટીસ્ટ, વર્ગ-૧ | ૦૯ | ૦૫ | - | ૦૨ | ૦૨ | ૦૧ | - | - | - |
| [૧૨૮] | ગુજ.આરોગ્ય સેવા,(તજજ્ઞ સેવા), વર્ગ-૧, ઓર્થોપેડીક સર્જન, વર્ગ-૧ | ૧૬ | ૦૯ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૩ | - | - | ૦૧ |
| ❑ ખાસ ભરતી : | | | | | | | | | | |
| [૧૨૯] | ગુજ.આરોગ્ય સેવા,(તજજ્ઞ સેવા), વર્ગ-૧, એનેસ્થેટીસ્ટ,વર્ગ-૧ | ૦૫ | - | - | ૦૨ | ૦૩ | - | - | - | - |
| [૧૩૦] | ગુજ.આરોગ્ય સેવા,(તજજ્ઞ સેવા), વર્ગ-૧,ઓર્થોપેડીક સર્જન,વર્ગ-૧ | ૦૩ | - | ૦૧ | ૦૨ | - | - | - | - | - |
| [૧૩૧] | ગુજ.આરોગ્ય સેવા,(તજજ્ઞ સેવા), વર્ગ-૧,નેત્ર સર્જન,વર્ગ-૧ | ૦૧ | - | - | ૦૧ | - | - | - | - | - |

**જા.ક્રમાંક : [૧૧૮] જરૂરી લાયકાત : (૧)** વૈધાનિક ભારતીય કે વિદેશી યુનિ.ની વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, ખેતી અથવા કાયદાની સ્નાતકની પદવી. **(૨)** માન્ય યુનિ.ની બી.ટી./બી.એડ.ની પદવી અથવા તેની સમકક્ષ ડિગ્રી અથવા ડિપ્લોમા. **(૩)** બી.ટી./બી.એડ.અથવા સમકક્ષ લાયકાત મેળવ્યા બાદનો આશરે પાંચ વર્ષનો શૈક્ષણિક, નિરીક્ષણ અથવા વહીવટી અનુભવ. **(૪)** ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન. **પગાર :** રૂા.૬૫૦૦-૧૦૫૦૦. **ઉંમર :** ૩૦ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૧૯] : જરૂરી લાયકાત :** એસોસીએટ ઓફ ધી રોયલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બ્રીટીશ આર્કીટેક્ટ અથવા માન્ય યુનિ.ની આર્કિટેક્ટની પદવી અથવા મુંબઈ સરકારનો સ્થાપત્યનો ડિપ્લોમા (જી.ડી.આર્ટ) અથવા સર જે.જે.સ્કુલ ઓફ આર્ટસની સ્થાપત્યની પાંચમા વર્ષની શાળા પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર અથવા અખિલ ભારતીય ટેક્નિકલ શિક્ષણ પરિષદે આપેલ અખિલ ભારતીય સ્થાપત્ય ડિપ્લોમા. **અનુભવ : (૧)** નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો આશરે આઠ વર્ષનો ધંધાકીય અનુભવ. **(૨)** ચાલુ બાંધકામના નિરીક્ષણનો અનુભવ તથા બાંધકામને લગતા મ્યુનિસિપલ નિયમોનું પૂરતું જ્ઞાન. પૂરેપુરા અનુભવવાળા યોગ્ય ઉમેદવાર નહિ મળે તો ઓછા અનુભવવાળા ઉમેદવારોને ગણતરીમાં લઈ શકાશે. **પસંદગીપાત્રઃ** એફ.આર.આઈ.બી.એ.ની શૈક્ષણિક લાયકાત અને / અથવા ટાઉન અને કન્ટ્રી પ્લાનીંગમાં ડિપ્લોમા ધરાવનાર ઉમેદવારને પસંદગી આપવામાં આવશે. **પગાર :** રૂા.૧૨૦૦૦-૧૬૫૦૦. **ઉંમર :** ૩૫ વર્ષથી ઓછી નહિ અને ૪૫ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૨૦] : જરૂરી લાયકાત : (૧)** નીચેના વિષયો પૈકી કોઈપણ વિષયમાં માન્ય યુનિ.ની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, પુરાતત્વવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, નૃવંશવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, લલિતકલા અથવા કોઈપણ ભારતીય પ્રશિષ્ટ (કલાસીકલ) ભાષા, **(૨)** માન્ય યુનિ.ની ડિપ્લોમા ઈન મ્યુઝિયોલોજી, **અનુભવ : (૧)** સંગ્રહાલયમાં ઉચ્ચ કક્ષાની જવાબદારીવાળી જગ્યા ઉપર ઓછામાં ઓછો સાત વર્ષનો વહીવટી અનુભવ, જે ખાસ કરીને સંગ્રહાલયની ગોઠવણ કરવા અંગેનો હોવો જોઈએ. **(૨)** મ્યુઝિયોલોજીના વિષય ઉપર પ્રકાશન પ્રસિદ્ધ કરવા અંગેનો અનુભવ. **પગાર :** રૂા.૧૨૦૦૦-૧૬૫૦૦. **ઉંમર :** ૪૦ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૨૧] : જરૂરી લાયકાત : (૧)** માન્ય યુનિ.ની બાગાયતની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતકની બીજા વર્ગની પદવી અથવા અનુસ્નાતકની બીજા વર્ગની પદવી, **(૨)** ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. **અનુભવ :** બાગાયત સંશોધન / બાગાયત શિક્ષણ / બાગાયત વિસ્તરણ સેવા / બાગાયત ઈજનેરીનો અનુસ્નાતકની પદવી ધારકો માટે આશરે ત્રણ વર્ષનો અને સ્નાતકની પદવી ધારકો માટે આશરે પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈએ. **પગાર :** રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦. **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૨૨] : જરૂરી લાયકાત : (૧)** માન્ય યુનિ.માં બાગાયતની કોઈપણ વિદ્યાશાખાની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી અથવા સ્નાતકની બીજા વર્ગની પદવી અને બાગાયત સંશોધન / બાગાયત શિક્ષણ / બાગાયત વિસ્તરણ સેવા / બાગાયત ઈજનેરીમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ, **(૨)** ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. **પગાર :** રૂા.૮૦૦૦-૧૩૫૦૦. **ઉંમર :** ૩૩ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૨૩] અને [૧૨૪] : જરૂરી લાયકાતઃ- (૧)** ભારતની વૈધાનિક યુનિ.ની બી.ડી.એસ.ડિગ્રી અથવા ડી.સી.આઈ.દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત **(૨)** ગુજરાતી અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન કે જેથી તે માધ્યમમાં શિક્ષણ કાર્ય કરી શકે. **પસંદગી પાત્ર :** સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી ધરાવનાર અથવા શૈક્ષણિક કાર્યનો અનુભવ ધરાવતાં અથવા તે વિષયમાં કરેલ સંશોધન કાર્ય માન્ય જર્નલ્સમાં પ્રકાશિત થયેલ હશે તેઓને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. **પગાર :** રૂા.૮૦૦૦-૧૩૫૦૦. **ઉંમર :** ૩૨ વર્ષથી વધુ નહિ.

**જા. ક્રમાંકઃ [૧૨૫] : જરૂરી લાયકાત :** ડી.એમ.(કાર્ડીયોલોજી) અથવા ભારતીય તબીબી પરીષદે નકકી કર્યા મુજબ અન્ય સમકક્ષ લાયકાત. **અનુભવ :** માન્ય તબીબી કોલેજોમાં રેસીડેન્ટ / રજીસ્ટ્રાર / ડેમોન્સ્ટ્રેટર / ટ્યુટર તરીકેનો કાર્ડીયોલોજી વિષયમાં ત્રણ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ. **પગાર :** રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦. **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહી.

**જા. ક્રમાંકઃ [૧૨૬] : જરૂરી લાયકાત : (અ)** વૈધાનિક યુનિ.ની બી.ડી.એસ.ની પદવી અથવા ભારતીય દંત પરીષદ માન્ય સમકક્ષ લાયકાત અને **(બ)** ઓર્થોડોન્શિયામાં એમ.ડી.એસ. / એમ.એસ. અથવા ઓર્થોડોન્શિયામાં ડી.સી.આઈ.દ્વારા માન્ય અનુસ્નાતકની લાયકાત ધરાવતા હોવા જોઈએ. **(ક)** ગુજરાતી અથવા હિન્દીની પર્યાપ્ત જાણકારી કે જેથી જે તે માધ્યમમાં શિક્ષણકાર્ય કરી શકે. **અનુભવ :** ઓર્થોડોન્શિયામાં ત્રણ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ.**પગાર :** રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦. **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહી.

**જા. ક્રમાંકઃ [૧૨૭] અને [૧૨૮] અને ખાસ જા. ક્રમાંકઃ [૧૨૯] થી [૧૩૧] : જરૂરી લાયકાત : (૧)** ભારતની કોઈપણ વૈધાનિક યુનિ.ની એમ.બી.બી.એસ.ની પદવી અથવા આઈ.એમ.સી.એક્ટ-૧૯૫૬ના પરિશિષ્ટ-૧ અથવા ૨ માં દર્શાવેલ કોઈપણ લાયકાત અને **(૨)** ભારતની કોઈપણ વૈધાનિક યુનિ.ની સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી. **પગાર :** રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦. **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહિ.

❑ **સામાન્ય શરતો :**

❑ **અરજીફોર્મ : (A)** આયોગની કચેરીમાંથી કામકાજના દિવસો દરમ્યાન ૧૧-૦૦ થી ૨-૦૦ અને ૩-૦૦ થી ૫-૦૦ સુધી અરજીફોર્મની કિંમત **રૂા. ૫૦/-** રોકડા આપવાથી અથવા ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જા.ક્ર.દર્શાવતી અરજી સાથે **'સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ'**ના નામનો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર(ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામુ, જગ્યાનું નામ અને જા.ક્ર.દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭ × ૧૨ સે.મી.નું **રૂા.૧૦/-**ની ટિકિટ લગાડેલું પરબિડિયું **'સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન,૧લો માળ, લાલદરવાજા, અમદાવાદ'** ને મોકલવાથી મેળવી શકાશે. **(B)** આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપરથી અરજીફોર્મ ડાઉનલોડ કરીને તથા આયોગે નિયત કરેલ અરજીફોર્મની સંપૂર્ણ ફોટો કોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે. આવા પ્રસંગે સીધી ભરતીના કિસ્સામાં **બિનઅનામત ઉમેદવારોએ** ભરેલા અરજીફોર્મ સાથે અરજીફોર્મની કિંમત પેટે **રૂા.૫૦/-** તથા અરજીફીના **રૂા.૧૦૦/-** તેમ કુલ **રૂા.૧૫૦/-** ભરવાના રહેશે. (C) અનામત કક્ષાના તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ જાતિ/વિકલાંગતાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી અરજીફોર્મની કિંમત ચૂકવવાની રહેશે નહીં. (D) એક જ જાહેરાત માટે ઉમેદવાર એક જ અરજી કરી શકશે. (E) અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યા દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા સામે અરજી કરી શકશે અને બિન અનામતની કક્ષા માટેના ધોરણો લાગુ પડશે.

❑ **લાયકાતની ગણતરી :** અનુભવ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત અરજીફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. જાહેરાતમાં અન્યથા જોગવાઈ ન હોય તો અનુભવ જરૂરી લાયકાત મેળવવામાં આવે તે તારીખથી ગણવામાં આવશે.

❑ **અનામત જગ્યા : (A)** અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત હોવાથી અન્ય ઉમેદવારોએ આ જગ્યાઓ માટે અરજી કરવી નહીં. **(B)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ 'ઉન્નત વર્ગો' માં સમાવેશ ન થતો હોવા અંગેનું 'નિયત નમૂના' માં તાજેતરનું પ્રમાણપત્ર અરજી ફોર્મ સાથે રજૂ કરવાનું રહેશે. **(C)** મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેવી જગ્યા તે જ કક્ષાના પુરુષ ઉમેદવારને ફાળવી શકાશે.

❑ **અરજી ફી : (A)** બિન અનામત પુરુષ / મહિલા ઉમેદવારે જો આયોગની કચેરીમાંથી આયોગ દ્વારા છાપેલ નિયત અરજીફોર્મ મેળવેલ હશે તો અરજીફોર્મ સાથે **રૂા.૧૦૦/-** અને ફોટોકોપી કે વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ અરજીફોર્મ સાથે **રૂા. ૧૫૦/-** અરજી ફી ભરવાની થશે. જે આયોગની કચેરીમાં રોકડા કે ભારતીય પોસ્ટલ ઓર્ડર દ્વારા સ્વીકારાશે.ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખે કે તે પછી ખરીદેલ હોવો જોઈએ. **(B)** અનામત કક્ષાના તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં. આ ઉમેદવારો જો બિનઅનામત જગ્યા સામે ઉમેદવારી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

❑ **ઉપલી વયમર્યાદામાં છૂટછાટ : (A)** ઉપરની જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષ છૂટછાટ મળશે. **(B)** મહિલા ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ મળશે. અનામત કક્ષાની જગ્યાઓ માટેના મહિલા ઉમેદવારોને આ કક્ષાને મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુ પાંચ વર્ષની છૂટછાટ મળશે. આ પ્રકારની છૂટછાટ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે મળશે. **(C)** ફક્ત હાડકાની શારીરિક ખોડ ખાંપણવાળા ઉમેદવારોને કે જેઓ (૧) BL (Both legs affected but not arms) અથવા OL (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણપણે નોર્મલ હોય તથા દૃષ્ટિ અને શ્રવણશક્તિ સામાન્ય હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોવા જોઈએ, **(ફક્ત જા. ક્ર. : ૧૨૩ થી ૧૨૬ માટે)**, (૨) કે જેઓ માત્ર એક પગની (O.L.) ખામીવાળા કે જેઓ પોતાની રીતે હરી ફરી શકે તેવા શા.ખો.ખાંપણવાળા ઉમેદવારો

***(અનુસંધાન પાન ૭ ઉપર)***

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*

www.gujaratpublications.com

**For any query or problem related to Gujarat Rojgar Samachar weekly or career related query**

**Contact**

pub-info@gujarat.gov.in

ddiprakashan@yahoo.co.in